**જય હો શ્રી અગાસીમાતાનો** 卐 **શ્રી ગણેશાય નમઃ** 卐 **જય હો શ્રી દેવરાહાબાબાનો**



# શ્રી અગાસીમાતા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત દરિદ્રનારાયણની સેવાર્થે કાર્યરત

# સુવિધાયુકત " શ્રીમતી જી.સી. પટેલ + આરોગ્યકેન્દ્ર + " - સને ૨૦૦૫ થી તથા

# સુવિધાયુકત " રાધાબા-ખુશાલદાદા " આંખની હોસ્પિટલ - સને ૨૦૧૨- સેવા અને સુવિધાઓ

=========================================================

**શ્રી અગાસીમાતાનું સ્વપ્ન મંદિર,બારડોલી,જી.સુરત એ દક્ષિણ ગુજરાત ની સિધ્ધ શકિતપીઠ અને ચમત્કારી પ્રભાવ ધરાવતું પ્રાચીન સિધ્ધ સ્થાન અને સ્વપ્ન મંદિર છે. શ્રી અગાસીમાતા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત " દરિદ્રનારાયણ " ની સેવા ( માનવ સેવા ) અર્થે " શ્રીમતી જી.સી. પટેલ + આરોગ્યકેન્દ્ર + " ના પ્રથમ માળે** ***આધુનિક સેવા-સગવડતાઓ વાળી " રાધાબા-ખુશાલદાદા " આંખની હોસ્પિટલ તા-૨૭-૫-૨૦૧૨ થી કાર્યાન્વિત કરેલી છે.***

**આરોગ્ય કેન્દ્ર** નામ છે પરંતુ આમાં અનેક સુવિધાઓ તથા સગવડતાઓ એક હોસ્પીટલ ના જેવીજ અને તેની જ ગુણવત્તા ની મળે તેવી અમારી ભાવના અને પ્રયત્ન છે.હાલ ના તબકકે લગભ ગ બધાજ પ્રકારના ટેસ્ટ થઈ શકે તેવી **સુસજ્જ લેબોરેટરી** ચાલુ છે જે માં કવોલીફાઈડ સ્ટાફ દ્વારા બ્લડ,યુરીન,સ્ટુલ,કીડની,લીવર,ડાયાબીટીસ વિ.તમામ પ્રકારના ટેસ્ટ હાથ ધરવામાં આવે છે અને સેવાભાવી **વીઝીટીંગ પેથોલોજીસ્ટ** દ્વારા રીપોર્ટીંગ થાય છે.તે જ પ્રમાણે આપણા આરોગ્ય કેન્દ્ર ના ડોકટર વડે નિદાન થયેલ જરુરીયાત મંદ દર્દીઓ ના તમામ પ્રકારના જરુરી **એકસ-રે** કાઢી આપવામાં આવે છે અને સેવાભાવી **વીઝીટીંગ રેડીઓલોજીસ્ટ** દ્વારા રીપોર્ટીંગ થાય છે. જે ઈન્ડોર કે આઉટડોર દર્દી ને **સોનોગ્રાફી** ની જરુર છે તેઓ ની **વીઝીટીંગ રેડીઓલોજીસ્ટ** દ્વારા સોનોગ્રાફી કરવામાં આવે છે. આપણાં આરોગ્ય કેન્દ્ર માં હાલના તબકકે એક **સુસજ્જ લેબર રુમ** ધરાવતો પ્રસુતિવિભાગ છે જેમાં આપણા આરોગ્ય કેન્દ્ર ના ડોકટર વડે સામાન્ય પ્રસુતિ કરવામાં આવે છે અને

સેવાભાવી **વીઝીટીંગ સ્ત્રી રોગ નિષ્ણાત** ની પણ સેવા મળે છે. આરોગ્ય કેન્દ્ર માં જ સમાવિષ્ટ કરવા માં આવેલ **ડ્રગ સ્ટોર** દ્વારા ઈન્ડોર કે આઉટડોર દર્દી ઓ ને દવાપણ આપવામાં આવે છે.

લગભગ ૧ ૨ બેડ ધરાવતો સ્વચ્છ અને સુંદર **જનરલ વોર્ડ** રાખવામાં આવેલ છે.અને જરુર પડયે વધારાના ૬ બેડ મુકી શકાય તેનું પ્રોવીઝન કરવામાં આવેલ છે.સંસ્થા ના દાતા પરિવાર ના સભ્યો તથા માઈપરિવાર ની ઈન્ડોર જરુરીયાત ને પુરી કરવા એક **સ્પે.રુમ** નો સમાવેશ કરવામાં આવેલ છે. આરોગ્ય કેન્દ્ર ના રેસીડન્ટ ડોકટરો માટે હાલના તબકકે સુવિધા યુકત **૪ કવાટર્સ** અને **૮ નર્સીંગ સ્ટાફ કવાટર્સ તથા ૮ સરવન્ટ કવાટર્સ** નું આયોજન કરવામાં આવેલ છે.**વોટર ફીલ્ટર પ્લાન્ટ** સાથે ના **વારિગૃહ** દ્વારા વોટરકુલર થકી આરોગ્યપ્રદ ઠંડા પાણી માટે ની પણ વ્યવસ્થા છે. આરોગ્ય કેન્દ્ર દ્વારા **એમ્બ્યુલન્સ સેવા** પણ ઉપલબ્ધ છે જેમાં દર્દી ના ૧ સ્ટ્રેચર ઉપરાંત ૧ ૨ સગા-સબંધી ઓ ની બેઠક ની પણ વ્યવસ્થા છે. **જનરલ વોર્ડ** તથા અન્ય દાખલ થતાં દરેક દર્દી ઓ ને **સાદુ પોષણક્ષમ નિઃશુલ્ક ભોજન** પણ આપવામાં આવે છે.

આપણાં આરોગ્યકેન્દ્ર માં ૫ કવોલીફાઈડ ડોકટર્સ,૭ નર્સ બહેનો,૬ આયા બહેનો, ૪ વોર્ડ બોય તથા પ્યુન,એમ્બ્યુલન્સ તથા મોબાઈલ ડીસ્પેન્સરી ના ૨ ડ્રાઈવર,૨ વોચમેન વિ.પ્રામાણીક,સેવાભાવી તથા અનુભવી સ્ટાફ નિયુકત કરવામાં આવેલો છે.તે સિવાય બારડોલી નગરના સેવાભાવી ફીજીશ્યન,સર્જન,ગાયનેકોલોજીસ્ટ,બાળરોગો ના નિષ્ણાત, આર્થોપેડીક ડોકટર વિ.ડોકટરો ની સેવા નો લાભ પણ આપણા આરોગ્યકેન્દ્ર ના દર્દી ઓને મળે તે માટે નું આયોજન પણ હમોએ કરેલું છે અને આ સેવાઓ એપ્રીલ-૨૦૦૫ થી નિયમીત ચાલુ કરવામાં આવેલ છે.**તા-૧૫-૫-૨૦૦૭ થી ગરીબ દર્દીઓ માટે નિઃશુલ્ક મોતીયાના ઓપરેશનની સુવિધા પણ ચાલુ કરવામાં આવેલ છે જે ઓપરેશનો બારડોલી નગરનાં નિષ્ણાંત આંખના ડોકટરો દ્વારા કરવામાં આવે છે.** આપણા આ સમગ્ર પ્રોજેકટ માં આજદીન સુધી સહાય અને સંપૂર્ણ માર્ગદર્શન આપી રહેલા બારડોલી ના સેવાભાવી ડોકટર મહાનુભાવો સર્વ શ્રી **ડૉ.ઉપેન્દ્રભાઈ વી.વ્યાસ (શૈશવ હોસ્પીટલ), ડૉ.વિશ્વાસભાઈ દેસાઈ(અતીત લેબ.), તથા ડૉ.ભરતભાઈ પટેલ (બારડોલી એક્ષ-રે તથા સોનોગ્રાફી કલીનીક) , ડૉ.આર.કે.ગુપ્તાસાહેબ ( ફીજીશીયન) , ડૉ. નિલેશભાઈ નાયક (વિઝનકેર આઈ હોસ્પિટલ)** ના હમો ઋણી છીએ.

**ખુબજ ટુંકા સમયમાં હાલમાંજ તા-૨૭-૫-૨૦૧૨ ના શુભદિવસથી આરોગ્યકેન્દ્રના પ્રથમ માળે અતિ આધુનિક સેવાઓ અને સુવિધા ધરાવતી " રાધાબા-ખુશાલદાદા " આંખની હોસ્પીટલને કાર્યાન્વિત કરવામાં આવેલ છે** જેમાં આધુનિક ઓપરેશન થીએટર ની સાથેજફેકો મશીનથી મોતિયાના ઓપરેશન , ઝામર ની સારવાર તથા અન્ય આંખના ઓપરેશનો કરવામાં આવી રહયા છે જેના માટે જુન-૨૦૧૧ થીજ ફુલ ટાઈમ નિષ્ણાંત આંખના અનુભવી સર્જન તથા સ્ટાફની નિમણુંક કરવામાં આવેલ છે.

આમ શ્રી અગાસીમાતા મંદિર ના દિવ્ય,પ્રાકૃતિક,પ્રદુષણમુકત અને આધ્યાત્મીક વાતાવરણ અને સંસ્થા ના અનુભવી,સેવાભાવી અને કાર્યદક્ષ કર્મચારી ઓની મહેનત,માતાજી ની કૃપા અને શ્રી અગાસીમાતા પરિવાર ની નિઃસ્વાર્થ શુભ ભાવના થી આરોગ્યકેન્દ્ર તથા આંખની હોસ્પિટલમાં માં પ્રવેશતા તમામ દર્દીઓ તેઓના સંતોષ મુજબ ની સારવાર પામી બનતી ત્વરાએ તંદુરસ્ત સ્વાસ્થ્ય પ્રાપ્ત કરે તેવા હમારા પ્રામાણીક પ્રયત્નો છે અને તે માટે પરમકૃપાળુ જગદંબા શ્રી અગાસીમાતા હમોને શકિત આપશે એવી દ્રઢ શ્રધ્ધા છે.

**શ્રીમતી જી.સી.પટેલ + આરોગ્ય કેન્દ્ર +" તથા " રાધાબા-ખુશાલદાદા " આંખની હોસ્પિટલ માં ઉપલબ્ધ સેવા અને સુવિધાઓ ઃ-**

| વિગત | દરિદ્રનારાયણ(ગરીબી રેખા નીચે જીવતો માનવ સમુહ) | અન્ય દરેક દર્દી |
|---|---|---|
| કેસ પેપર ફી | નિઃ શુલ્ક | નિઃ શુલ્ક |
| નિદાન ફી | નિઃ શુલ્ક | નિઃ શુલ્ક |
| દવા(ઓ.પી.ડી.) | નિઃ શુલ્ક | નિઃ શુલ્ક |
| દવા(ઇન્ડોર) | નિઃ શુલ્ક | રાહત દરે |
| *ઈન્ડોર સારવાર* | નિઃ શુલ્ક | રાહત દરે |
| ભોજન(જનરલ વોર્ડ) | નિઃ શુલ્ક | નિઃ શુલ્ક |
| લેબોરેટરી ટેસ્ટસ | નિઃ શુલ્ક | રાહત દરે |
| એકસ-રે સુવિધા | નિઃ શુલ્ક | રાહત દરે |
| સોનોગ્રાફી સુવિધા | નિઃ શુલ્ક | રાહત દરે |
| એમ્બ્યુલન્સ સેવા | નિઃ શુલ્ક | રાહત દરે |
| *નિઃશુલ્ક ફરતું દવાખાનું* | નિઃ શુલ્ક | નિઃ શુલ્ક |
| *મોતીયા નું ઓપરેશન તથા અન્ય આંખના રોગોની સારવાર* | નિઃ શુલ્ક | રાહત દરના પેકેજ મુજબ |

**આ આંખની હોસ્પિટલમાં ૧૦ બેડનો સેમી સ્પેશ્યલ વોર્ડ , ૧ એ.સી. ડીલક્ષ રુમ , ૨ સ્પે. રુમ , આધુનિક ઈમ્પોર્ટેડ ફેકો મશીન તથા ઓપ્થેલ્મીક માઈક્રોસ્કોપ ની મદદથી વિવિધ પ્રકારના નેત્રમણિ ( લેન્સ) સાથેના મોતીયાના ઓપરેશનો અતિ આધુનિક ૪ સ્ટેજ સ્ટરીલાઈઝ્ડ વિશાળ ઓપરેશન થીએટર માં પુર્ણ સમયના નિષ્ણાંત અને અનુભવી આંખના સર્જન દ્વારા અને કવોલીફાઈડ પેરામેડીકલ સ્ટાફના સહયોગથી કરવામાં આવે છે.**

**આધુનિક વિદેશી સ્લીટ લેમ્પ , પેરીમીટર , બી- સ્કેન મશીન , એ- સ્કેન , નોન કોન્ટેકટ ટોનોમીટર , ઓટો રેફ , યાગ લેઝર મશીન , કોમ્પ્યુટરાઈઝ્ડ ઓટો વિઝયુઅલ ચાર્ટ , લેન્સો મીટર વિ. લેટેસ્ટ મશીનો દ્વારા આંખના હઠીલા રોગો જેવા કે ઝામર , વેલ , નાસુર , છારી કાઢવી વિ. વિવિધ આંખના રોગોનું સચોટ નિદાન , સારવાર તથા ઓપરેશનો થાય છે. આ તમામ સેવાઓ ઓ.પી.ડી. લેવલે તમામ દર્દીઓ માટે નિઃશુલ્ક કરવામાં આવે છે. તમામ સેવાઓ તથા ઓપરેશનો દરિદ્રનારાયણ દર્દીઓ માટે બિલકુલ નિઃશુલ્ક અને અન્ય દર્દીઓ માટે ખાસ રાહતદરના પેકેજ દ્વારા કરવામાં આવી રહયાં છે. આ ઉપરાંત કોન્ટ્રાકટ પધ્ધતિથી આંખના નંબરના વિવિધ પ્રકારના ચશ્મા પણ રાહત દરે દર્દીઓને મળે તેવી સગવડતા હોસ્પિટલ તરફથી કરવામાં આવેલ છે. ઓપરેશન માટે દાખલ થતા તમામ દર્દીઓને પોષણક્ષમ નિઃશુલ્ક ભોજન આપવામાં આવે છે તથા જરુરી દવાઓ , આંખના ટીપાં તથા કાળા ચશ્મા વિનામુલ્યે આપવામાં આવે છે.**

હાલ માં દૈનિક સરેરાશ **૧૫૦ થી ૨૦૦ દર્દી ઓ** આપણી નિઃ શુલ્ક આરોગ્ય સેવા નો લાભ લઈ રહયાં છે જે આટલા ટૂંકા સમય માં સારો પ્રતિસાદ છે જે દર્દી ઓ ની આપણી સેવા માં ઉંડા વિશ્વાસ ની પ્રતીતી કરાવે છે.**આ એક ભગીરથ પરોપકારી કાર્ય છે જેનો માસીક નિભાવ ખર્ચ આશરે રૂ.૪,૦૦,૦૦૦ છે. આ પરોપકારી કાર્ય** ના **નિભાવ ભંડોળ** કે જે ફંડ ના વ્યાજ માં થી **દરિદ્રનારાયણ માટે નિઃ શુલ્ક સેવા ઓ આપવામાં આવી રહી છે તેમાં આપનું યથાશકિત દાન નોંધાવી હમારા આ સેવાયજ્ઞ માં સહભાગી થાઓ તેવી આશા અને અપેક્ષા છે.**રાજરાજેશ્વરી શ્રી અગાસીમાતા સૌ નું કલ્યાણ કરે તેવી શુભ ભાવના સહ સૌને પ્રેમથી જયઅંબે-જય શ્રી અગાસી મા.

**- શ્રી અગાસીમાતા ચેરીટેબલ ટ્રસ્ટ પરિવાર.**